ફેબ્રુઆરી ૨૦૧૮

કિંમત ₹ ૨૦/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ભેદ
## ન પડાય



અક્રમ એક્સપ્રેસ

# ભેદ ન પડાય



## સંપાદકીય

*બાળમિત્રો,*

*નાના હતા ત્યારે આપણે ફ્રેન્ડ્ઝ સાથે ઝઘડો થાય અને કીટ્ટા કરી લેતા હતા, એ આદત આજે મોટા થયા પછી પણ ગઈ તો નથી જ. આજે પણ નાની નાની વાતોમાં આપણે ઝઘડી પડીએ છીએ. ઝઘડી ન પડીએ તો પણ કોઈ આપણી વાત ન માને, આપણી વાત સાથે સહમત ન થાય તો તરત આપણે એના માટે ઊંધું બોલવા લાગીએ છીએ. વિચાર પણ નથી આવતો કે એને દુઃખ થતું હશે. સામાને દુઃખ તો શું, આપણી સાથે ભેદ જ પડી જાય છે.*



*એક વાર ભેદ પડી ગયા પછી એને સાંધવું મહામુશ્કેલ છે. માટે જ્ઞાનીઓ ક્યારેય કોઈની સાથે ભેદ ન પાડવાની શિખામણો આપતા હોય છે. પણ એ કેવી રીતે શક્ય છે ?*

*તો આવો, આ અંકમાં આપણે આ સબંધી ચાવીઓ મેળવીએ અને કોઈની સાથે ભેદ ન પડે એ રીતે જીવતાં શીખીએ.*

**-ડિમ્પલ મહેતા**


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૬
સળંગ અંક : ૧૧૪
**ફેબ્રુઆરી ૨૦૧૮**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...





નીરુમા : આપણે કોઈના દોષ જોઈએ, કોઈની ભૂલો કાઢીએ, કોઈની સાથે વાંકુ બોલીએ, કોઈને દુઃખ પહોંચાડીએ તો સામાને આપણી સાથે ભેદ પડી જાય. આવું જ જો કોઈ આપણી સાથે કરે, તો આપણને એની સાથે ભેદ પડી જાય. પણ અત્યારે આપણે આપણા તરફનું જોઈએ. આપણને કહેતાં નથી આવડતું માટે ભેદ પડે છે. સામાને દુઃખ થાય એવીરીતે બોલાયું કે વર્તન થયું કે તરત સામાને આપણી સાથે ભેદ પડી જાય.

જરાક કોઈક આપણું અપમાન કરે કે આપણું વાંકુ બોલે અથવા તો કોઈક આપણી વાત સાથે સહમત ના થાય તોયે આપણું મોઢું બગડી જાય અને આપણને અંદરથી ભેદ પડી જાય, કે મારું નથી માનતો, પોતાનું જ ચલાવે છે. અને ત્યાં સુધી આપણે પણ ઊંધા ચાલીએ.

આવું કંઈક થાય તો આપણને ચેન ન પડવું જોઈએ. કારણકે આવું થવાથી સામાનું મન આપણી સાથે જુદું પડી જાય. એટલે પછી એને વાળી લેવું પડે, એક કરી નાંખવું પડે. વાળી નાંખવું એટલે સામેવાળા સાથે પ્રેમથી સમજીને વર્તવું અને અંદરથી પ્રતિક્રમણ કરવા જોઈએ. કોઈપણ રીતે આવેશમાં ન આવી જવું.

જ્યાં આપણને કોઈની સાથે ભેદ લાગતો હોય ત્યાં સુધી આપણને એની સાથે અભેદતા ઊભી ના થાય. આનો ઉપાય શું ? આપણે પહેલાં ભેદ તોડીએ તો સામેવાળો પણ ભેદ તોડશે. પણ જો આપણો ભેદ ચાલુ રહે, અને આપણે કહીએ કે, પેલો સામેવાળો ભેદ રાખે છે, ભેદ રાખે છે. અરે, સામેવાળાના ભેદને જોવાનું જ નથી. તું ભેદ રાખે છે તે જોને. ભેદ રાખવાથી તારું જ્ઞાન અંતરાશે. સામા સાથે આપણને જરાય જુદાઈ ના પડવી જોઈએ. ભેદ ના પડવો જોઈએ.

એકબીજાના વિચારો જુદા આવે એવું તો બને. પણ તેથી કરીને ભેદ ના પડાય. સાધારણ આપણી વાતથી સામાની વાતના વ્યુપોઈન્ટમાં ફેર પડતો હોય, પછી આપણે એડજસ્ટ તો થવું જ પડે ને ! આપણી તૈયારી હોય કે મારે એડજસ્ટ થવું જ છે.



## ૧

મતભેદ એટલે બે
વ્યક્તિના વ્યુપોઈન્ટ
સરખા ન આવવાથી મેળ
ન પડે અને ઝઘડા થાય તે.



## 3

તનભેદ એટલે તનથી છૂટા
પડવું, એટલે કે મૃત્યુ પામવું તે.

# આ તો નવી જ વાત !

ફ્રેન્ડ્સમાં મતભેદ પડે તે કેમ ચાલે ? આમ કહે આપણે બધાં એક છીએ તો પછી મતભેદ કેમ ?

૨



મનભેદ એટલે બે વ્યક્તિના મન એક ન થાય, એટલે કે બંનેના વિચારોમાં એટલી હદે ફરક હોય કે બંને કોઈ હિસાબે ફ્રેન્ડ તરીકે સાથે ન રહી શકે અને ફ્રેન્ડશીપ તૂટી જાય.

૪




# દેવદૂત

એક નાનકડું રળિયામણું ગામ હતું. નામ એનું આદર્શનગર. આદર્શનગરની સુંદરતાનું વર્ણન કરતાં તો કવિઓ પણ થાકે.

ગામની પાદરે એક ભવ્ય મંદિર હતું. મંદિરની નજીક એક સુંદર તળાવ હતું. રોજ સાંજે મંદિરમાં આરતી-ભક્તિ કરી, તળાવની પાળે બેસીને ગામવાસીઓ આખા દિવસનો થાક ઉતારતા.

સાધુ-સંતોનો આદર્શનગરમાં ખૂબ દિલથી સત્કાર થતો. સાધુ-સંતોના સમાગમથી ગામના બાળકો અને યુવકોનું સુંદર સંસ્કાર સિંચન થતું. જે કોઈ આદર્શનગરની મુલાકાતે આવે, એને ત્યાં જ વસી જવાનું મન થાય. આવા ખેંચાણ પાછળનું કારણ એ પણ હતું કે આદર્શનગરના રહેવાસીઓ ખૂબ પ્રેમાળ હતા. ગામવાસીઓની એકતા આજુબાજુના ગામો માટે ઉદાહરણરૂપ હતી.

જન્માષ્ટમીનો તહેવાર નજીક આવી રહ્યો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ મોહન, કિશન અને શંકરની ત્રિપુટી તહેવારની ઉજવણીની તૈયારીમાં લાગી ગઈ. ઉત્સવમાં ત્રિપુટીનું કંઈક નવીન પ્રદર્શન જોવાની ગામવાસીઓને તત્પરતા હતી.



રોજની જેમ તે દિવસે પણ ત્રિપુટીએ મંદિરના પાછળના ભાગમાં આવેલી નાનકડી ઓરડીમાં મળીને કામ કરવાનું નક્કી કર્યું હતું. બપોરે બે ના ટકોરે કિશન અને શંકર તો પહોંચી ગયા. પણ મોહનનો કોઈ અતો-પતો નહોતો.

સવારથી જ મોહન ઘરના કામો પતાવવામાં લાગેલો હતો. પણ સંજોગો જાણે એનાથી રિસાયા હતા. એ જે કામ પતાવવા જાય, ત્યાં ધક્કો પડે. તાપ બહુ આકરો હતો. ગરમીમાં ધક્કા ખાઈને મોહનનું મગજ પણ ગરમ થઈ ગયું હતું. પરસેવે રેબઝેબ, જ્યારે એ ઓરડીમાં પહોંચ્યો ત્યારે કિશન અને શંકરે કામ ચાલુ કરી દીધું હતું. આગલા દિવસે મોહને બનાવેલી આકૃતિ પર કિશન કામ કરી રહ્યો હતો.

કિશનનું કામ જોઈને મોહનની કમાન છટકી, "કિશનિયા, આ શું ઠેકાણા વગરનું બનાવ્યું તેં ? મારી બધી મહેનત પર પાણી ફેરવી નાખ્યું. મારા કામને અડવાનું તને કોણે કહ્યું ?"

મોહનના આવા આકરા વેણ સાંભળીને કિશનનું દિલ તૂટી ગયું. પીંછી બાજુએ મૂકીને, કશું બોલ્યા વગર એ ઊઠીને ચાલવા લાગ્યો.

"અરે, ઊભો રહે કિશન. મોહનનો એવો મતલબ નહોતો કે..." શંકરે કિશનને રોકવાની કોશિશ કરી.

"હા, હા... મને ખબર છે એનો શું મતલબ હતો. અને એ પણ ખબર છે કે તું એનો પક્ષ કેમ લે છે." કિશન ઓરડીનું બારણું પછાડીને બહાર ચાલ્યો ગયો.

"મોહન, રોક એને. આ શું કર્યું તે ?" શંકર પરિસ્થિતિને સંભાળવાની કોશિશ કરી રહ્યો હતો.

પણ મોહનના મગજનો પારો તો ચઢેલો જ



હતો, "તારે જવું હોય તો તું પણ જા. મારે કોઈનું કામ નથી. હું એકલો જ બધું સંભાળી લઈશ."

અને બસ, તે દિવસે ત્રણેયના સંબંધમાં એક મોટી તિરાડ પડી. જન્માષ્ટમીનો ઉત્સવ આવીને ગયો, પણ ઉત્સવમાં પહેલાં જેવો ઉત્સાહ નહોતો. ગામવાસીઓએ ત્રણેયનું ફિક્કું વલણ જોયું.

દિવસે દિવસે તિરાડ સંધાવાને બદલે ગાઢ બનતી ગઈ. એમના સંબંધમાં કડવાશ એટલી હદે ફેલાઈ ગઈ, કે તેઓ એકબીજાનું નામ સાંભળવાનું પણ પસંદ નહોતા કરતા. કડવાશ ફક્ત એ ત્રણ સુધી સીમિત ના રહી. પણ એમના પરિવારોમાં પણ પ્રસરી.

અને ધીરે ધીરે આ કટુતાના સ્પંદનો ગામવાસીઓ સુધી પહોંચ્યા. એકના પક્ષમાં પડીએ તો બીજાનો દોષ જોતાં વાર કેટલી લાગે ? ગામવાસીઓ સાથે પણ આવું જ બન્યું. કોઈએ મોહનનો પક્ષ લીધો તો કોઈએ કિશનનો. યુવાનોના ઝઘડામાં વાલીઓએ પોતાના મતોનું ઝેર રેડ્યું અને નાની અમથી વાતનું વતેસર બની ગયું. એક વખતનું નાનકડું અતૂટ આદર્શનગર મતભેદોના ટુકડાઓમાં વહેંચાઈ ગયું. જે ગામવાસીઓ એક પરિવારની જેમ હળીમળીને સુખ-દુ:ખના પ્રસંગોમાં એકબીજાને પડખે ઊભા રહેતા, તેઓ એકબીજા માટે પરાયા બની ગયા.

ગામના મુખિયાજી વિચારશીલ અને વિચક્ષણ હતા, પણ આ મતભેદોને ટાળવાનો કોઈ ઉપાય એમની પાસે નહોતો. સંત રામદાસ સાથે મુખિયાજીને જૂની ઓળખાણ હતી. સંત પાસે જઈને મુખિયાજીએ પોતાની સમસ્યા રજૂ કરી.

સંત રામદાસે બધી વાતો ધ્યાનથી સાંભળી. થોડી ક્ષણો સુધી આંખો બંધ કરીને બેઠા. અને પછી બોલ્યા, "મારો એક સંદેશો ગામવાસીઓને આપજો. મને એક સંકેત મળ્યો છે. તમારા ગામમાં એક વ્યક્તિ એવી છે જે દેવોને પણ પ્રિય છે. દેવદૂત જ કહી લો એમને. તેઓ કેટલાય જન્મોથી લોક કલ્યાણના ઉત્તમ નિમિત્ત છે. દેવગતિમાંથી આવેલા છે અને દેવગતિમાં ફરી જન્મ પામવાના છે."

"કોણ છે આ વ્યક્તિ ?" મુખિયાજીએ પૂછ્યું.

"બસ, આટલો જ સંકેત પ્રાપ્ત થયો છે." સંત રામદાસે કહ્યું.

રામદાસજીનો આ અગત્યનો સંદેશો ગામવાસીઓને આપવા માટે તે જ સાંજે મુખિયાજીએ મંદિરના ફળિયામાં સભાનું આયોજન કરાવ્યું. ગામવાસીઓને રામદાસજી પ્રત્યે ખૂબ આદર હતો અને તેથી જ સંદેશો સાંભળવા બધા હાજર થઈ ગયા.

રામદાસજીના શબ્દેશબ્દ મુખિયાજીએ સભામાં કહ્યા. સભામાં એક સન્નાટો છવાઈ ગયો. સભામાં બેઠેલી દરેક વ્યકિત બીજી વ્યક્તિને જોઈને વિચારવા લાગી, "આ દેવદૂત હશે તો ?"

નવનીતભાઈની દ્રષ્ટિ મનોહરભાઈ પર પડી. મનમાં એમને વિચાર આવ્યો, "મુશ્કેલીના વખતમાં મનોહરે મારી કેટલી મદદ કરી હતી. ખડે પગે મારી સાથે ઊભો હતો. અને બસ, એક વખત એને કિશનની પ્રશંસા શું કરી, મેં એની સાથે સંબંધ કાપી નાખ્યો ? કિશન અને મોહનના ઝઘડાને આટલું મોટું સ્વરૂપ આપી દીધું ?" મનોહરના ગુણો કંઈ દેવદૂત કરતાં ઓછા છે ? એક દેવદૂત સાથે આવું વર્તન કરવાનું શું ફળ મળશે ?

માંદગી વખતે જશુકાકીએ કરેલી સેવા રમીલાકાકીને યાદ આવી, તો સોમાભાઈને મનસુખભાઈના રમૂજી ટુચકાઓ અને એમની સાથે માણેલી હળવી પળો યાદ આવી.

સહુના મનમાં એક જ વાત ગુંજવા લાગી. "નાની અમથી વાતોમાં આટલું અવળું વિચારી નાખ્યું ? બધા જ સારા ગુણો ભૂલાઈ ગયા ? કેવી મોટી ભૂલ થઈ. જો, એ દેવદૂત હશે તો ?"


ત્યાં તો મોહન ઊભો થઈને કિશનને પગે પડ્યો, "મને માફ કરી દે, દોસ્ત. મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ."

"અરે, હોતું હશે ?" કહી કિશને મોહનને ઊભો કર્યો અને એને ભેટી પડ્યો. કિશન અને મોહન, શંકર પાસે ગયા અને ત્રણેએ એકબીજાને બાથમાં લઈ લીધા.

મોહને પહેલ કરી અને આખા ગામે એનું અનુકરણ કર્યું. તે દિવસે આદર્શનગરમાં જાણે માફી મહોત્સવ યોજાઈ ગયો. સહુએ દિલથી એકબીજાની માફી માંગી.

તે દિવસ પછી, કોઈને કોઈના માટે અવળો વિચાર આવે તો તુરંત જ એ અવળા વિચારને, એ વ્યક્તિના સારા ગુણો યાદ કરી, ધોઈ નાખતા. એ વ્યક્તિ સાથે ભેદ પડવા ન દેતા. સહુ કોઈ એકબીજામાં દેવદૂતના દર્શન કરતાં.


**દેવદૂતની ખરી ઓળખાણ તો કોઈને ના પડી, પણ પરસ્પર પ્રેમથી, સ્વર્ગ જેવું સુખ ફરી એકવાર આદર્શનગરમાં છવાઈ ગયું.**



# અંબા સ્કૂલ અને જ્ઞાનમંદિર દ્વારા આયોજિત A to Z Positivity પર એન્યુલ ડે



Welcome









લાઈવ પરફોમન્સ

ડાન્સ







ફૂડમેલા



સેલ્ફી ઝોન







# પૂજ્યશ્રીના હસ્તે જ્ઞાની પુરુષ ભાગ-૧ નું ભવ્ય વિમોચન અને કલ્ચરલ પ્રોગ્રામ...













# સંધાન



શું કરે છે, બા ?
આ કપડું ફાટી ગયું છે તે સાંધું છું, દીકરા.
ગોપાલે બાના ખોળામાં માથું મૂક્યું
શું થયું મારા દીકરાને ? ફરી ભાર્ગવ સાથે ઝઘડો થયો ?
બા, મોટાભાઈ મારી કોઈ વાત નથી સાંભળતા. એ શું સમજે છે ? હવે હું પણ એમની સાથે વાત નહીં કરું.
દીકરા, એક ફાડે, તો બીજાએ સાંધવું. તારો મોટો ભાઈ આખી રાત ફાડ ફાડ કરે, તો તારે આખી રાત સાંધ સાંધ કરવાનું. તો જ સંબંધ સચવાય.
સાંધવાનું ? કેવી રીતે ?


જો, એ આખી રાત એવો વિચાર કરે કે "ગોપાલ બહુ ખરાબ છે," તો તારે આખી રાત એવો વિચાર કરવાનો, કે "મોટાભાઈ બહુ સારા છે. મારી જ ભૂલ થાય છે." તો સવારમાં સંધાઈ જશે. સમજાય છે તને ?
હા બા.
અને જો એ ફાડે, અને તું પણ ફાડે તો છૂટું પડી જવાય. ભેદ પડી જાય.
ત્યાં તો વરસાદના છાંટા ગોપાલના ચહેરા પર પડ્યા, અને ભૂતકાળની યાદોમાંથી એ વર્તમાનમાં આવ્યો. મોટાભાઈના ખેતર તરફ નજર કરી એણે એક ઊંડો નિસાસો નાખ્યો.
છ મહિના થઈ ગયા. મોટાભાઈએ મારી સામે જોયું પણ નથી. તો હું શું કામ જોઉં ? આટલો મોટો નિર્ણય મને પૂછ્યા વગર લીધો અને હું કંઈક કહેવા ગયો તો...
મોટાભાઈના શબ્દો ફરી ગોપાલના કાનમાં ગુંજ્યા...
આજથી આપણું કશું જ સહિયારું નહીં. નહેરની પેલી બાજુ તારું ખેતર અને આ બાજુ મારું ખેતર. મારે તારું મોઢું પણ નથી જોવું.


ગોપાલની આંખમાં આંસુ આવી ગયા. વરસાદ વધી ગયો હતો. મોઢું લૂછી, એ ઘર તરફ ચાલવા લાગ્યો.
બીજા દિવસે ગોપાલના ખેતર પાસે ભાર્ગવે લાકડા અને બાંધકામનો સામાન જોયો.
ગોપાલ શું કરવાનો હશે ? પેલા દિવસે મેં એને કહ્યું હતું કે મારે એનું મોઢું પણ નથી જોવું. એટલે કદાચ એ વાડ બાંધી રહ્યો હશે.
એ વાડ બાંધશે, તો હું એના કરતાં પણ ઊંચી વાડ બાંધીશ.
અને તે જ દિવસે ભાર્ગવ વાડના બાંધકામ માટે સામાન લેવા શહેર તરફ ઉપડ્યો.
એવી વાડ બાંધીશ કે એની વાડની કોઈ કિંમત જ નહીં રહે.
ત્રણ દિવસ બાદ ભાર્ગવ શહેરથી માલ સામાન લઈને પાછો ફર્યો. ખેતર તરફ નજર કરી તો એના આશ્ચર્યનો પાર ના રહ્યો. ગોપાલે વાડ નહીં, પણ નહર ઉપર, બે ખેતરનું સંધાન કરતો એક નાનકડો પુલ બાંધ્યો હતો.


નાના ભાઈનું આવું ઉમદા કૃત્ય જોઈને ભાર્ગવની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. પોતાના વિચારો પર એને શરમ આવી. સામાન હેઠો મૂકી એ નાના ભાઈ તરફ દોડ્યો.
ગોપાલે દૂરથી મોટાભાઈને આવતાં જોયા અને એ પણ એમની તરફ ગયો.
બેઉ ભાઈઓ પુલની વચ્ચોવચ મળ્યા.
ગોપાલ, મેં તારી સાથે આટલું બધું ખોટું કર્યું, છતાં ય તેં ભેદ ના પડવા દીધો. મને માફ કરી દે, ભાઈ.
મને એમ કે તું વાડ બાંધવાનો છે. પણ આ પુલ બાંધીને ફરી તે આપણા દિલોને જોડી દીધા.
ગોપાલ મોટાભાઈને ભેટી પડ્યો. આંખો બંધ કરી એણે મનોમન બાને ધન્યવાદ આપ્યા.

# ઐતિહાસિક ગૌરવગાથા

પ્રાચીનકાળમાં કાશી રાજ્ય પર રાજા બ્રહ્મદત્ત રાજ્ય કરતો હતો. એને સો પુત્રો હતા. તેમાં સહુથી નાનો પુત્ર સંવર હતો. રાજાએ સંવર સિવાય અન્ય પુત્રોને ગુરુ પાસે વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. સંવરને બોધિસત્વ પાસે મોકલ્યો.

બોધિસત્વ ખૂબ વિદ્વાન હતા. એમની પાસે ઘણા વર્ષો અભ્યાસ કરીને સંવર પ્રવીણ બન્યો. વર્ષો બાદ રાજકુમારોના ગુરુ તેમના શિષ્યોને રાજા પાસે લઈ ગયા. તેમણે કહ્યું, 'મહારાજ, તમારા પુત્રો તો સમસ્ત વિદ્યાઓમાં પારંગત થઈ ગયા છે.'

રાજા પ્રસન્ન થયો. તેણે ગુરુનું અપૂર્વ સન્માન કર્યું અને યોગ્ય ગુરુ દક્ષિણા આપી. પુત્રોને વિભિન્ન પ્રાંતોના શાસક નિયુક્ત કરી, રાજધાનીમાંથી બહાર મોકલી આપ્યા. આ વાત સંવરે જાણી. તેણે ગુરુ બોધિસત્વને પૂછ્યું, 'ગુરુદેવ, જો મારા પિતા અન્ય ભાઈઓની જેમ મને પણ રાજ્યના કોઈ પ્રાંતનો શાસક બનવાનું કહે, તો મારે શું કરવું ?'

બોધિસત્વે ક્ષણભર વિચાર કરીને કહ્યું, 'વત્સ, જો તારા પિતા તને કોઈ પ્રાંતનો શાસક બનવાનું કહે તો એનો અસ્વીકાર કરજે. તું પિતા પાસે રહી શ્રદ્ધા ભક્તિથી એમની સેવા કરજે. તારું આ પરમ કર્તવ્ય છે.' સંવરે ગુરુની આજ્ઞા માથે ચડાવી.

રાજા બ્રહ્મદત્ત એક દિવસ બોધિસત્વના આશ્રમમાં આવ્યો. સંવર એના પિતાને પ્રણામ કરી ગુરુજી પાસે બેઠો. રાજાએ તેને પૂછ્યું, 'પુત્ર, તારું શિક્ષણ સમાપ્ત થઈ ગયું ને ?'

'પિતાજી, ગુરુદેવની કૃપાથી મેં સર્વે વિદ્યાઓ શીખી લીધી છે.' સંવરે જવાબ દીધો.

'તો પછી તું શાસન કરવા માટે આ રાજ્યના કોઈ પ્રાંતને પસંદ કરી લે.' રાજાએ કહ્યું.

સંવરે જવાબ દીધો, 'પિતાજી, હું આપનો સહુથી નાનો પુત્ર છું. જો હું રાજ્ય છોડી બહાર જઈશ તો આપની પાસે કોણ રહેશે ? આપની સંભાળ કોણ રાખશે ? મારે કોઈ અધિકારની જરૂર નથી. અહીં આપનો પુત્ર રહે એ જ યોગ્ય છે. આપની સેવામાં જ હું મારું જીવન ગાળવા માગું છું.'

આ સાંભળી રાજા અત્યંત પ્રસન્ન થયો. તે દિવસથી સંવર પિતા પાસે રહેવા લાગ્યો. ક્યારેક આવશ્યક્તા પડે તો તે બોધિસત્વની સલાહ લેતો હતો.

એક વાર સંવરે બોધિસત્વની સલાહ લઈ થોડી પડતર જમીનને સમતલ બનાવી. તેમાં ફળ-ફૂલનાં છોડો રોપ્યા. ત્યાં એક સુંદર ઉદ્યાન બન્યો. હવે એ ઉદ્યાન નગરવાસીઓ માટે આકર્ષક સ્થળ બન્યું. શ્રેષ્ઠીઓ પણ



ઉદ્યાનમાં સાંજે ફરવા આવતા. તેમની સાથે સંવરનો પરિચય થયો. નગરજનો સંવરની પ્રશંસા કરતા.

એક દિવસ સંવરે પિતાની સંમત્તિ લઈ નગરના સહુ લોકોને જમણ આપ્યું. પછી રાજ્યના અધિકારીઓ, ઘોડેસવારો, પાયદળ સેનાને ભોજન આપ્યું. પરદેશોથી આવતા રાજદૂતો તથા વેપારીઓની સગવડ માટે વિશાળ અતિથિગૃહો બંધાવ્યા. આથી સંવરનો યશ આખા રાજ્યમાં ફેલાયો.

આમ, ઘણા વર્ષો વીત્યાં. રાજા વૃદ્ધ થઈ ચૂક્યો હતો. હવે એનો અંતિમ સમય પણ આવી પહોંચ્યો. તેથી તેણે મંત્રીઓને બોલાવી કહ્યું, 'મારા મૃત્યુ બાદ મારા સોએ પુત્રોને ગાદીએ બેસવાનો હક્ક છે. તેથી તમે લોકો ખૂબ વિચાર કરી સહુથી યોગ્ય રાજકુમારને ગાદીએ બેસાડજો.'

આમ કહી રાજાએ સદાને માટે આંખ મીંચી દીધી. રાજાના મૃત્યુ બાદ સહુ મંત્રીઓએ ચર્ચા વિચારણા કરી નિર્ણય કર્યો કે સંવર જ સિંહાસન માટે યોગ્ય રાજકુમાર છે. પછી ધામધૂમથી એનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પ્રજામાં હર્ષ ફેલાયો. તે દિવસથી સંવર એના ગુરુ બોધિસત્વની સલાહ મુજબ ન્યાયપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

સંવર રાજા બન્યો તે બાકીના નવ્વાણું કુમારોને ગમ્યું નહીં. તેઓ એની નિંદા કરવા લાગ્યા. તેમણે ભેગા મળીને એક દૂત સાથે ખબર મોકલ્યા કે, એ રાજ્ય છોડી દે નહીં તો બૂરું પરિણામ આવશે. પછી તેમણે પોતપોતાની સેનાઓ સાથે કિલ્લાને ઘેરી લીધો.

સંવરે આ ખબર એના ગુરુ બોધિસત્વને આપ્યા. તેમણે એને સમજાવ્યું. 'પોતાના ભાઈઓ સાથે દુશ્મનાવટ વહોરવી મહાપાપ છે. એના કરતાં પિતાના રાજ્યને સરખા ભાગોમાં વહેંચી તારા ભાઈઓનો પ્રેમ પ્રાપ્ત કર.' સંવરે ગુરુ આજ્ઞા યોગ્ય માની. ભાઈઓ તો નવાઈ પામ્યા. સંવરનો મોટોભાઈ ઉપાસત તો આભો જ થઈ ગયો.


તેણે એના નાના ભાઈઓને કહ્યું, 'આપણે એમ માન્યું હતું કે સંવર રાજા બની આપણા સહુનો દુશ્મન બની ગયો હશે. તેથી આપણે એના ઉપર હુમલો કરવા આવ્યા હતા. પણ તેણે આપણી સાથે ન્યાયથી વર્તી સહુનો પ્રેમ સંપાદન કર્યો છે. આવા ભાઈ પર હુમલો શાનો ?'

'તો હવે આપણી શી ફરજ છે ?' એક ભાઈએ પૂછ્યું.

'આપણે નાના ભાઈ સાથે સંધિ કરીએ એ જ ઉત્તમ માર્ગ છે. પિતાજીના સિંહાસનના આપણે સહુ અધિકારીઓ છીએ એ સાચી વાત છે, પણ આપણે સહુ એકી સાથે તો રાજા બની શકીએ નહીં. તેથી મને તો એ વાત યોગ્ય લાગે છે કે આપણને જે ભાગ પ્રાપ્ત થયો છે, તેમને એના હાથમાં પાછો આપી દઈએ.' ઉપાસતે સમજાવ્યું.

સહુએ સંમત્તિ આપી. તેઓ સંવરનો જયજયકાર કરતાં સેના સહિત નગરમાં પહોંચ્યા. મોટા ભાઈએ પોતાના સહુ લઘુ બંધુ તરફથી સંવરને આશીર્વાદ આપ્યા.

આમ સંવરે પોતાના ભાઈઓનો પ્રેમ સંપાદન કરી સહુનો આદર સન્માન મેળવતાં ઘણા વર્ષો સુધી રાજ્ય કર્યું. તે એક મહાન રાજાના રૂપમાં પ્રસિદ્ધ થયો.





# જીવંત ઉદાહરણ

અમેરિકાના મહાન પ્રેસીડન્ટ અબ્રાહમ લિંકનના યુવાનીના દિવસોની આ વાત છે.

૧૮૩૧માં અબ્રાહમ લિંકન ઈલીનોઈ રાજ્યના ન્યુ સાલેમ શહેરમાં જઈને વસ્યા. ત્યાં તેમણે ડેન્ટન ઓફૂટની દુકાનમાં એક કર્લાકની નોકરી સ્વીકારી. ઓફૂટને લિંકન પસંદ પડી ગયો. લિંકન જેટલો બુદ્ધિશાળી હતો એટલો બળવાન પણ હતો.

ઓફૂટ એની દુકાને આવતા લોકોને કહેતો, "આ મારો છ ફૂટ ચાર ઈંચ લાંબો ગુમાસ્તો, કોઈથી ગાંજ્યો જાય તેવો નથી. કાબિલ એટલો છે કે એના કામમાં કોઈ ભૂલ ના હોય અને તાકાતવાળો એવો છે કે કોઈ એને હાથ ના લગાવી શકે."

એ વિસ્તારમાં તોફાની છોકરાઓની એક ટોળીની ભારે ધાક હતી. તેઓ રાહદારીઓની ઠઠ્ઠા મશ્કરી કરતા, દુકાનદારોને પરેશાન કરતા અને લોકોને પજવતા. એ ટોળીનો સરદાર જેક આર્મસ્ટ્રોંગ હતો. એણે અબ્રાહમ લિંકન વિષે બડાશભરી વાતો સાંભળી.

આર્મસ્ટ્રોંગને મનમાં થયું, "મારા વિસ્તારમાં વળી બીજો કોણ બળિયો આવી ચડ્યો આખા વિસ્તારમાં મારો પ્રતિસ્પર્ધી કોઈ નથી.

એણે પોતાના તોફાની સાથીઓને ચડાવ્યા અને કહ્યું, "આજે તો લિંકનને સબક શીખવીએ."

ટોળી ડેન્ટન ઓફૂટની દુકાને આવી ચડી. કોલર ઊંચા કરીને, આર્મસ્ટ્રોંગે ઓફૂટને કહ્યું, "તારા કર્લાકને ઘર ભેગો કરવાનો સમય આવી ગયો છે. તું બધાની આગળ બહુ બડાશ મારે છે ને કે તારો આ ગુમાસ્તો કુસ્તીમાં ભલભલાને પાણી પાય એવો છે, તો આજે હું એનું પાણી ઉતારી દઈશ. આજ સુધી મને કોઈ કુસ્તીની જંગમાં હરાવી નથી શક્યું. તારા આ લિંકનની કેવી બુરી દશા થાય છે એ જોજે."

લિંકને આર્મસ્ટ્રોંગનો કુસ્તીનો પડકાર ઝીલી લીધો. આખું ગામ કુસ્તી જોવા માટે એકઠું થયું.

કુસ્તીની જંગ શરૂ થઈ. બંનેએ સામસામા મુક્કા માર્યા. હાથ મરોડવાના પ્રયાસ કર્યા.

આખરે આર્મસ્ટ્રોંગ લિંકનનું બળ જાણી ગયો. લિંકનને હરાવવું ખૂબ મુશ્કેલ હતું. આર્મસ્ટ્રોંગે લિંકન સામે હાથ લંબાવ્યો અને લિંકને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, આર્મસ્ટ્રોંગ સાથે હાથ મિલાવ્યો. સમય જતાં બંને જીગરજાન દોસ્ત બની ગયા.

લિંકનના કહેવાથી આર્મસ્ટ્રોંગ અને એની રખડુ ટોળકીએ લોકોને રંજાડવાનું બંધ કરી દીધું અને સાચા રસ્તે વળ્યા. તે દિવસોમાં આર્મસ્ટ્રોંગે લિંકનની ખૂબ મદદ કરી. વર્ષો બાદ, જેક આર્મસ્ટ્રોંગનો પુત્ર એક મોટી મુશ્કેલીમાં ફસાયો. તે વખતે લિંકન મોટા વકીલ હતા. પોતાના જીગરજાન દોસ્તના પુત્રને, લિંકને પોતાની વકીલાત દ્વારા મુશ્કેલીમાંથી બહાર કાઢ્યો અને પોતાની મિત્રતા નિભાવી.

આમ, જે જંગના પરિણામરૂપે, બેઉ વચ્ચે જિંદગીભરનો ભેદ પડી શકતો હતો, તેના બદલે આર્મસ્ટ્રોંગ અને લિંકન વચ્ચે જિંદગીભરની મિત્રતા બંધાઈ. એકબીજાને હરાવવા માટે જંગમાં ઉતરી પડેલા બંને હરીફોએ સહેજ પણ એકબીજા પ્રત્યે અભાવ રાખ્યા વગર, ખરા દિલથી મિત્રતા અપનાવી, અને એ મિત્રતાને જીવનભર અતૂટ નિભાવી.

એક વખત એક બ્રહ્મચારી બહેન બીજા બહેન સાથે નાસ્તો કરવા બેઠા હતા. બેઉ બહેનોએ નાસ્તા સાથે ચા લીધી.

એવામાં નીરુમા પણ બહેનો સાથે નાસ્તો કરવા આવ્યા. નીરુમાએ પેલા બ્રહ્મચારી બહેનને પૂછ્યું, "તને ચા પીવાની આદત છે ?"

બહેને જવાબ આપ્યો, "ના નીરુમા, આદત તો નથી."

"તો પછી કેમ લીધી ?" નીરુમાએ પૂછ્યું.

"નાસ્તા સાથે કંઈ લીક્વીડ જોઈએ એટલે લીધી, નીરુમા" બહેને કહ્યું.

નીરુમાએ પૂછ્યું, "તો ઘરે લીક્વીડમાં શું લેતી હતી"

"દૂધ"

"તો પછી અહીંયા કેમ દૂધ ના લીધું ? શું આ તારી મા નું ઘર નથી ? કેમ તું જુદાઈ રાખે છે ? " એમ કહી નીરુમા નાસ્તો અધૂરો મૂકીને ઊભા થઈ ગયા. અને રસોડામાં જઈને એ બહેન માટે દૂધ બનાવ્યું.

બદામ, પિસ્તા અને કેસર નાખીને ગરમાગરમ દૂધનો ગ્લાસ એ બહેનને આપી પ્રેમથી કહ્યું, "તારે હકથી દૂધ લેવાનું. જેમ તારા ઘરે તું દૂધ લેતાં કોઈ સંકોચ ના રાખે, એવું જ તારે અહીંયા રાખવાનું,"

અને ફરી ભાર મૂકીને કહ્યું, "આ તારી મા નું જ ઘર છે. તારે કોઈ જુદાઈ નહીં રાખવાની. જો તું આવી જુદાઈ રાખે, તો ભેદ પડે. જ્ઞાની જોડે ભેદ હોતો હશે ? તારે તો એવું જ રાખવાનું કે હું અને નીરુમા એક છીએ."

આમ નીરુમાએ એ બહેનને અભેદતાની દ્રષ્ટિ સેટ કરી આપી. અને પોતાની પ્રેમ પ્રસાદી આપતાં કહ્યું, "હવે, તારે રોજ આ ગ્લાસમાં દૂધ પીવાનું."

નીરુમાનો અદ્‌ભુત પ્રેમ ચાખીને એ બહેન તો ગદ્‌ગદ્ થઈ ગયા. બીજા દિવસે નીરુમાએ એ બહેનને બદામ પીસ્તાનો પાઉડર પીસીને, રોજ દૂધમાં એક ચમચી નાખીને પીવા કહ્યું. પેલા બહેનનો સંકોચ જોઈને નીરુમાએ કહ્યું, "તારી હેલ્થ માટે પણ સારું રહેશે. તારામાં થોડી વિટામીન્સની ઉણપ છે ને, તે પણ સારું થઈ જશે."

નીરુમાને પોતાની વિટામીનની ખામીનો પણ ખ્યાલ હતો, એ જાણીને એ બહેનનું હૃદય ભરાઈ આવ્યું.

નીરુમાનો નીતરતો પ્રેમ એ બહેનને એવો સ્પર્શી ગયો કે તેઓ આખી જિંદગી માટે નીરુમાના પ્રેમના તાંતણે બંધાઈ ગયા. જગતમાં બધું ભૂલાઈ જાય, પણ નીરુમાનો પ્રેમ કદી ના ભૂલાય.

# મીઠી યાદેં



Akram Express

February 2018
Year : 10, Issue : 6
Conti. Issue No.: 114

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month



# અને છેલ્લે છેલ્લે...

એક વખત ભગવાન બુદ્ધ એક સભાને સંબોધિત કરવા ગયા. એમના હાથમાં એક રૂમાલ હતો. આસન પર બેસીને, બુદ્ધ પોતાના હાથમાં રહેલા રૂમાલને ગાંઠો વાળવા લાગ્યા. બધા શ્રોતાઓ આશ્ચર્યથી એમને જોઈ રહ્યા.

રૂમાલને ચાર પાંચ ગાંઠો વાળ્યા પછી, રૂમાલ સભાજનોને બતાવીને પૂછ્યું, "આ એ જ રૂમાલ છે જે હું લાવ્યો હતો કે એમાં કોઈ ફેરફાર છે ?"

એક શ્રોતાએ કહ્યું, "ભગવંત, રૂમાલ તો એ જ છે, પણ એનું સ્વરૂપ બદલાઈ ગયું છે."

બુદ્ધે કહ્યું, "તમારી વાત બરાબર છે. પણ જો હું ઈચ્છું તો પહેલાં જેવું એનું રૂપ થઈ શકે ?"

કોઈએ જવાબ આપ્યો, "પ્રભુ, એ શક્ય છે. બસ, રૂમાલની વાળેલી બધી જ ગાંઠો ખોલી નાખવી પડે."

બુદ્ધે પૂછ્યું, "ગાંઠો ખોલવાનો ઉપાય શું ? શું ખેંચવાથી ગાંઠ ખુલે ?"

એક શ્રોતાએ કહ્યું, "ભગવાન, જો ગાંઠોનું નિરીક્ષણ કરીને એ જાણી લઈએ કે ગાંઠો કઈ રીતે પડી છે, તો ઉકેલવામાં સરળતા થઈ જાય. જો એ ખબર ના હોય, તો ખેંચીને ગાંઠ વધુ મજબૂત બને એ પણ શક્ય છે."

ભગવાન બુદ્ધે સભાજનોને કહ્યું, "બસ, સંબંધોમાં પડતી ગાંઠોને પણ આ જ રીતે છોડવી."

મિત્રો, ઘણી વખત સંબંધોમાં આવી રીતે ગાંઠ પડી જાય છે. જો આપણે આપણું જ સાચુ માનીને ખેંચીએ, તો ગાંઠ વધુ મજબૂત બને. સામી વ્યકિત સાથે ભેદ પડી જાય. જો આપણે ગાંઠ પડવાનું કારણ તપાસીએ, અને સામી વ્યક્તિ પાસે કોઈ અપેક્ષા રાખ્યા વગર, આપણા તરફથી એ કારણને છેદવાનો પ્રયત્ન કરીએ, તો સરળતાથી બધી ગાંઠો ઉકલી જશે. અને સંબંધ પેલા રૂમાલની જેમ પહેલા જેવો થઈ જશે.

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.